**જનસંપર્ક અધીકારી દ્વારા**
**પોલીસ કમિશનરશ્રીની કચેરી,**
**અમદાવાદ શહેર (P.R.O.)**
**ટેલીફોન નંબર  ૨૫૬૩૩૩૩૩**
**કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,**
**૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦**

**તા.૦૭/૦૯/૨૦૨૩    ગુરૂવાર**

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

### નશાબંધી અને જુગારધારા હેઠળ ઝડપાયાઃ-    સમાચાર યાદી નં.૧૪૭૯/૨૦૨૩

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૫૪ કેસ કરી, ૫૦ વ્યક્તિઓને ઝડપી, ૬૧૧ લીટર દેશી દારૂ, ૧૭ બોટલ ઈંગ્લીશ દારૂ, ૫૩ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ અને ૧ સ્કુટર કબજે કર્યુ હતુ. તેમજ જુગારધારા હેઠળ ૧૮ કેસ કરી, ૧૧૦ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૪,૭૨,૬૬૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

### તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-    સમાચાર યાદી નં.૧૪૮૦/૨૦૨૩

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૭૮ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પાસા હેઠળ ૦૫ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

### ઘરફોડ ચોરીઃ-    સમાચાર યાદી નં.૧૪૮૧/૨૦૨૩

**ગુજરાત યુનિવર્સીટીઃ** મનજીતસિંગ જગતસિંગ વાસુ (ઉ.વ.૭૨)(રહે.સનરાઇઝપાર્ક સોસાયટી ડ્રાઇવ-ઇન રોડ વસ્ત્રાપુર) એ તા.૦૬/૦૯/૨૦૨૩ ના રોજ ગુજરાત યુનિવર્સીટી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૮/૦૮/૨૦૨૩ સાંજના ૬/૦૦ થી તા.૦૪/૦૯/૨૦૨૩ સવારના ૬/૪૫ વાગ્યા દરમ્યાન પોતાના મકાનની બાથરૂમની બારીમાંથી એક્ઝોસ ફેન તોડી, બારીમાંથી કોઇ અજાણી વ્યક્તિ મનજીતસિંગના મકાનમાં પ્રવેશ કરી, તમામ બાથરૂમ, ટોઇલેટ અને રસોડાના "જેક્વાર" કંપનીના કુલ-૧૪ નળ કુલ કિંમત રૂપિયા ૫૬,૦૦૦/- ચોરી કરી લઈ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી આઇ.એસ.પઠાણ ચલાવે છે.

### સોનાની ચેઇન ખેંચી ઝુટવી લઈ ગયાઃ-    સમાચાર યાદી નં.૧૪૮૨/૨૦૨૩

**કૃષ્ણનગરઃ** અરવિંદભાઇ પરબતભાઇ ચૌધરી (ઉ.વ.૨૭)(રહે.સરસ્વતી સોસાયટી હિરાવાડી મહાવીરનગર કૃષ્ણનગર) એ કૃષ્ણનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૦૫/૦૯/૨૦૨૩ ના કલાક ૫/૦૦ વાગ્યાના સુમારે વિજય પાર્ક બી.આર.ટી.એસ. આગળ એક મોટર સાયકલ ઉપર આવેલ બે અજાણ્યા પુરૂષ અરવિંદભાઇના ગળામાં પહેરેલ સોનાની ચેઇન કિંમત રૂપિયા ૩૫,૦૦૦/- ખેંચી તોડી લઇ નાસી ગયા હતા. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી વી.જે.ચાવડા ચલાવે છે.

**એલીસબ્રીજઃ** દિનેશભાઇ અમૃતલાલ દોષી (ઉ.વ.૫૭)(રહે.રાજહર્ષ ફ્લેટ, કોચરબ ગામ સામે, એલીસબ્રીજ) એ તા.૦૬/૦૯/૨૦૨૩ ના રોજ એલીસબ્રીજ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૦૪/૦૯/૨૦૨૩ રાતના ૧૧/૩૦ વાગ્યાના સુમારે દિનેશભાઇ તથા તેમના પત્નિ બંને પાલડી સત્યાગ્રહ આશ્રમ ગેટ નંબર-૦૧ પાસે રોડ ઉપર ચાલતા-ચાલતા પસાર થઇ રહ્યા હતા ત્યારે એક મોટર સાયકલ ઉપર આવેલ બે અજાણ્યા પુરૂષ દિનેશભાઇના ગળામાં પહેરેલ સોનાની પેન્ડલ સાથેની ચેઇન કિંમત રૂપિયા ૭૦,૦૦૦/- ખેંચી તોડી લઇ નાસી ગયા હતા. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એસ.એચ.મચ્છાર ચલાવે છે.

**<u>ચોરીઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૧૪૮૩/૨૦૨૩</u>**

**કૃષ્ણનગરઃ** રાકેશભાઈ લાલચંદભાઈ જગવાણી (ઉ.વ.૩૯)(રહે.શીતલ વેસ્પા રેસિડન્સી, આલ્ફાવન મોલની બાજુમાં, વસ્ત્રાપુર) એ કૃષ્ણનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૦૬/૦૯/૨૦૨૩ બપોરના ૧૨/૦૦ વાગ્યાના સુમારે જી.ડી.રોડ ખાતે વી.બી.સી કંપની પાસે ફોજદારની ચાલીના નાકે રોડ ઉપર એક મોટર સાયકલ ઉપર આવેલ બે અજાણ્યા પુરૂષ રાકેશભાઇની એકટીવા ને ટક્કર મારી, રાકેશભાઇની નજર ચૂકવી તેમની બેગ ચોરી કરી લઇ નાસી ગયા હતા. જે બેગમાં રોકડ રૂપિયા ૨,૦૦,૦૦૦/- અને અગત્યના દસ્તાવેજો મુકેલ હતા. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી વી.જે.ચાવડા ચલાવે છે.

**<u>આત્મહત્યાઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૧૪૮૪/૨૦૨૩</u>**

**ઇસનપુરઃ** સીમરન ડો/ઓ એન્થોની માસ્કેરીન (ઉ.વ.૧૮)(રહે.નીલગીરીના છાપરા, ચંડોળા તળાવના છાપરા, ઇસનપુર) એ અગમ્ય કારણસર તા.૩૦/૦૮/૨૦૨૩ રાતના ૧૦/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પોતાની જાતે કેરોસીન છાંટી સળગી જતાં સારવાર અર્થે તેમને એલ.જી.હોસ્પીટલમાં દાખલ કર્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૦૬/૦૯/૨૦૨૩ રાતના ૧૧/૧૫ વાગ્યે ફરજ પરના ડો.શ્રી એ તેમને મૃત જાહેર કર્યા હતા. આ અંગે ઇસનપુર પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી ડી.જે.લકુમ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી